# સાંસદ પાસે ગાંધીનગરની અપેક્ષાઓ

*લોકસભાની ચૂંટણીને અનુલક્ષી રાજકીય પક્ષો પ્રચાર ઝુંબેશમાં લાગી ગયા છે. પ્રજા પાસેથી મત બટોરી જંગી બહુમતથી જીતવા ઉત્સુક ઉમેદવારો પાસે આમ નાગરિકો પણ ઘણી આશા-અપેક્ષાઓ સેવી રહ્યા છે. ગાંધીનગર બેઠક પર પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગને અનુલક્ષી મતદારોમાં પણ ચૂંટણીલક્ષી ઉત્સાહનું સિંચન થયુ છે. ગાંધીનગરના સાંસદને ચૂંટવાની આ પ્રક્રિયામાં મતદારો પણ કોઈ કચાશ રાખવા માંગતા નથી. કેન્દ્ર સરકાર સાથે જોડાયેલા ગાંધીનગરના પ્રશ્નો વર્ષોથી વણ ઉકેલ્યા છે. કેપિટલ સ્ટેશનને નવી ટ્રેનો ફાળવવામાં આવે તેવી દાયકાઓ જુની માંગણી પણ હજુ ઉકેલની વાટે છે. ત્યારે આગામી દિવસોમાં ગાંધીનગરના નવા ચૂંટાયેલા સાંસદ આમ નાગરીકો સાથે જોડાયેલી આ સમસ્યાને ન્યાય આપશે તેવી અપેક્ષા પણ સેવાઈ રહી છે.*



આગામી લોકસભાની ચૂંટણી પછી કયા પક્ષને દેશની ધૂરા સંભાળવાની સત્તા મળશે તેના અનિશ્ચિત જવાબ વચ્ચે મતદારોના સવાલો તો જ મિશ્રિત છે જ. મત આપીને ચૂંટનાર નાગરિક દ્વારા ચૂંટાઈને આગળ જનાર પ્રજાના પ્રતિનિધિની એ પ્રાથમિક જવાબદારી બને છે કે પોતાના મતદારોની સાચી, ન્યાયી અને સર્વજન હિતાય માંગણી પૂર્ણ કરવામાં તે ખરા ઉતરે. રાજકીય ઈચ્છાશક્તિના અભાવે ગાંધીનગરના કેન્દ્ર સરકાર સાથેના પ્રશ્નોના નિર્ણયો લેવામાં વિલંબ થવાથી શહેરના નાગરિકો અને મતદારો છેલ્લા કેટલાક વર્ષોથી હતાશ થતા રહ્યા છે. પરિવહન બાબતે તથા દુરસંચારનું એકમાત્ર સરકાર પ્રેરિત સાહસ ભારત સંચાર નિગમ પણ તિવ્ર હરિફાઈ વચ્ચે પોતાનુ અસ્તિત્વ ટકાવવા ઝઝુમી રહ્યુ છે. તેને ઉગારી લેવાની જવાબદારી સંસદની બને છે. ગાંધીનગરના પર્યાવરણના ભોગે વિકાસના નામે થતી વૃક્ષોની સામુહિક કતલ સામે પણ સાંસદે પગલા લેવા જોઈએ. આ ઉપરાંત જનતાને સીધા જ સ્પર્શતા માર્ગ પરિવહનના પ્રશ્નો, સંદેશા વ્યવહારના પડતર પ્રશ્નો અને સુખેથી જીવવાના માનવધિકારના પ્રશ્નો સાંસદ તરીકે ચૂંટાયા બાદ તાત્કાલિક હાથ પર લે.

**- કિશોર જિકાદરા**



લોકશાહીમાં કહેવાય છે કે જે લોકોની લોકો વડે લોકો માટે બનેલી હોય તેજ રીતે સંસદસભ્ય પણ લોકોનો લોકો માટે કામ કરવા સદર તત્પર અને પોતાના સંસદીય વિસ્તારમાં સદર સમર્પિત હોવા આવશ્યક છે. તે રાષ્ટ્રીય મહત્વ ધરાવતા હોય ત્યારે જરૂર ગૌરવની લાગણી થાય પરંતુ સ્વાભાવિક અપેક્ષાઓ પણ વિશેષ રહેજ. સાંસદનું કામ ગુજરાતના કેપિટલ ગાંધીનગર સાથે દેશના દરેક કેપિટલ જોડાય તેવા રેલવે ટ્રેનની સરૂઆત કરવી જોઈએ. સ્માર્ટસીટીની વાતોમાં મારી દષ્ટિએ સ્માર્ટસીટીને લગતા ફંડ મળે તો વધુ સારા કાર્ય થઈ શકે.

**- સુધિર દેસાઈ**

●●●



વડાપ્રધાનની કર્મભૂમિ છે તો પ્રવાસીઓ માટે ગાંધીનગરને નીહાળવા માટે સુવિધા વધવી જોઈએ. રેલવેની સુવિધા વધારવી જોઈએ જેથી પ્રવાસીઓ લહેલાઈથી ગાંધીનગરને નીહાળી શકે. પર્યાવરણની સમતુલા જળવાઈ રહે તે જરૂરી છે. તેથી જે પણ સાંસદ આવે તે પહેલા જેવી ગ્રીનરી પાછી લાવે તે જરૂરી છે.

**- પ્રદિપ સોલંકી**

●●●



ગાંધીનગર કેપિટલ તરીકે જેટલુ વિકાસ થવો જોઈએ નથી થયો. રેલવે સ્ટેશનને આધુનિક બનાવે, મેટ્રોનું કામ જલ્દી શરૂ કરાવે, ગામડાના રસ્તા સરખા કરાવે, સિવિલ હોસ્પિટલના આધુનિક સાધનો જે બંધ હાલતમાં છે તે ચાલુ થાય અને નિદાન સરળતાથી થાય. પ્રાઈવેટ હોસ્પિટલો અને શાળામાં સારી સુવિધા શિક્ષણ સ્તરને એક સ્તરનું બનાવે. પાણીના પ્રશ્નો સેક્ટરોમાં વધુ છે જેનુ આધુનિકરણ કરાવે અને પ્રશ્નોનું નિરાકરણ લાવે. ગાંધીનગરના રહેવાસીઓના પ્રશ્નોના નિરાકરણ કરે તેવી આવનાર સાંસદ પાસેથી અપેક્ષા છે.

**- કાશ્મીરા મકવાણા**

●●●



ગાંધીનગરને વર્લ્ડની નંબર વન સિટી બનાવવાની ખ્વાઈશ ધરાવતા હોવા જોઈએ. નેતા અભ્યાસુ, વિકાસશીલ, દૂરદર્શી દૃષ્ટિ ધરાવતા હોવા જોઈએ. ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા હોવા જોઈએ. સમય આવ્યે અમુક નિર્ણયો કે નિયમોનું પાલન રાષ્ટ્રના કે સમાજના હિતમાં કરે તેવા હોવા જોઈએ. ગાંધીનગરમાં ઈન્ટરનલ રસ્તાઓ સુધારવા તથા મહાનગરપાલિકાએ સ્વચ્છતા વધારવાની જરૂર છે. અમુક સેક્ટરોમાં છેવાડાના મકાન સુધી પાણી પહોંચતા ખૂબ ધીમુ થઈ જાય છે તે સમસ્યા પર ધ્યાન આપે અને ગાંધીનગરમાં લાખો રૂપિયાના ખર્ચે કરેલા બગીચાઓ સચવાતા નથી તો તેની સાચવણી કરવી ખૂબ જરૂરી છે.

**- શિલ્પા દેસાઈ**

●●●



સાંસદ પ્રાણિક હોવા જોઈએ. લીડરશીપ ક્વોલિટી વાળા અને બધાની સમસ્યા સમજનાર અને શહેરના વિકાસને લગતા કાર્યો કરે તેવા હોવા જોઈએ. જે મહિલાઓની સુરક્ષા અને જીવનજરૂરિયાતની વસ્તુઓ વિશે વિચારનાર હોવા જોઈએ. રેલવે મુસાફરી ગાંધીનગરથી થઈ શકતી નથી છેક અમદાવાદ જવુ પડે છે તેમાં કંઈક સુધારો લાવી શકે તેવા અને ગાંધીનગરના મજૂર વર્ગના શ્રમજીવીઓના બાળકોને મફત ભણવાની મદદ કરે અને સેક્ટરોમાં પાણીની સમસ્યા વિશે ધ્યાન આપે તેવા હોવા જોઈએ.

**- તૃપ્તિ દવે**

## હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ




**લો આ પરત... આવો કાંઈ ચૂંટણી ઢંઢેરો હોય ?! આમા તો તમે અમને રોકડા કેટલા રૂપિયા આપવાનાં છો તે વાત જ નથી કરી....!**

# વાઈબ્રન્ટ બાદ નગરના સર્કલોની જાળવણી રામભરોસે, તંત્ર પણ બેધ્યાન

### ગ માર્ગ પર સ્થિત સંગીત સર્કલની તુટેલી દિવાલ : સર્કલોમાં ગંદકીના દ્રશ્યો : જાળવણીનો મુદ્દો વિસરાયો

ગાંધીનગર તા ૫

શહેરના સર્કલોની જાળવણીના મામલે તંત્ર પણ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જ સજાગ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સર્કલોની સુંદરતા નિખારવા તેમજ વિવિધ થીમ આધારિત સર્કલો વિકસાવવા માટે તંત્ર દ્વારા વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ આડા દિવસોમાં આ સર્કલોની દરકાર લેવામાં તંત્ર તરફથી સતત દુર્લક્ષ્ય સેવાઈ રહ્યુ છે. જેના લીધે નાગરિકોમાં પણ રોષની લાગણી વ્યાપી છે. નગરના સંગીત સર્કલની હાલત પણ કંગાળ બની છે.

શહેરમાં સર્કલોની દરકાર લેવાનુ ફરી એકવાર વિસરાઈ ગયુ છે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના સર્કલોની જાળવણી માટે જવાબદાર સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હતી. જયારે વાઈબ્રન્ટ દરમિયાન સર્કલોને સુશોભિત કરાયા હતા. સર્કલોની મરામત તેમજ બ્યુટીફિકેશનના અંતે સર્કલો પણ સોહામણાં ભાસતા હતા. પરંતુ ત્રણ મહીનાના અંતે જ સર્કલો ફરી હવે કંગાળ બની રહ્યા છે. સર્કલો પર છવાયેલો વાઈબ્રન્ટ ફીવર ઉતરી ગયો છે. અકસ્માતમાં જે સર્કલોને નુકશાન થયુ છે તેનુ રીપેરીંગ પણ થતુ નથી. સર્કલોની દરકાર લેવા તેમજ તેના બ્યુટીફિકેશનને અનુલક્ષી અગાઉ વિવિધ થીમ આધારિત સર્કલોને વિકસવાયા હતા. જયારે વર્ષોના અંતે હજુ પણ સર્કલોનો લુક બદલાયો નથી. જયારે નવા સર્કલો પણ હજુ કંગાળ ભાસી રહ્યા છે. નગરના ૨૬ જેટલા સર્કલોને વિવિધ થીમ મુજબ સુશોભિત કરાયા છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી એક જ સંસ્થા આ સર્કલોની જાળવણી કરે છે. બીજીતરફ વાઈબ્રન્ટ વેળાએ જ સર્કલોના સુશોભન , બ્યુટીફીકેશન અને જાળવણી તરફ ધ્યાન કેન્દ્રીત થાય છે. આવા સંજોગોમાં આડા દિવસોમાં સર્કલોની જાળવણીનો મુદ્દો રામભરોસે હોવાનુ સ્પષ્ટ થયુ છે. નગરના ગ માર્ગ પર સ્થિત ગ-૧ ના સંગીત સર્કલની દિવાલમાં જ લાંબા સમયથી ભંગાણ થયુ છે. આમછતા આ દિવાલનુ સમારકામ થતુ નથી. જેના લીધે ભવિષ્યમાં આ સર્કલ ખુલ્લુ થઈ જાય તો પણ નવાઈ નહીં. શહેરના સર્કલો પૈકી મોટાભાગના સર્કલોના આંતરિક વિસ્તારમાં સફાઈ પણ નિયમિત થતી નથી. જયારે અંદરના ભાગે ઉછેરવામાં આવેલા ફુલછોડ પણ ગરમીમાં કરમાઈ જાય તેવી સ્થિતિ છે. શહેરના સર્કલોની જાળવણીના મામલે તંત્રએ સતત ધ્યાન આપવુ જોઈએ. જયારે જાળવણીના મુદ્દે લાંબા સમયથી જવાબદારી સંભાળતી સંસ્થાઓને રસ ન હોય તો આ મામલે પુન : વિચારણા હાથ ધરવી જોઈએ તેમ પણ આમ નાગરિકોનુ માનવુ છે. આડા દિવસોમાં સર્કલો રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાય છે.




## સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના પ્રાંગણમાં નિઃશુલ્ક પાણીની પરબ

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા એપ્રિલ માસથી સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં અંદરના દર્દીઓના સ્વજનોને તથા મુલાકાતીઓ દર્દીઓને તરસ છીપાવવા માટે સહયોગ મંડળના સભ્યોના સહકારથી નિઃશુલ્ક પાણીની પરબ શરુ કરવામાં આવેલ છે તેમ સહયોગ મંડળ ગાંધીનગરના પ્રમુખશ્રી બહેચરભાઈ પ્રજાપતિએ જણાવેલ છે.

# આજે રાજ્યમાં ભાજપનો સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૫

ભારતીય જનતા પાર્ટીના આવતીકાલે સ્થાપના દિવસને લઈને તમામ તૈયારઓ કરવામાં આવી છે. જુદા જુદા કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટી આજે દેશની અને દુનિયાની સૌથ મોટી પાર્ટી બની ગઈ છે. ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં મોદી લહેર વચ્ચે જોરદાર સપાટો બોલાવ્યો હતો. મોદીના નેતૃત્માં ભાજપે સૌથી વધુ સીટો જીતી લીધ હતી. સમગ્ર દેશમાં ૧૦ કરોડથી વધારે પ્રાથમિક સભ્યો ધરાવતી વિશ્વની સૌથી મોટી પાર્ટી ભાજપને બનાવવાનો શ્રેય ભાજપના વરિષ્ઠ નેતાઓને જાય છે. અટલ બિહાર વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, નરેન્દ્ર મોદી, અમિત શાહ, પાર્ટીના તમામ કાર્યકરો, વરિષ્ઠ નેતાઓ દ્વારા ખૂબ મહેનતના પરિણામ સ્વરૂપે પાર્ટી આજે રાષ્ટ્રીય પાર્ટ તરીકે બની ચુકી છે. જનસંઘના પ્રથમ અધ્યક્ષ શ્યામાપ્રસાદ મુખર્જીના જમ્મુ-કાશ્મીરના બલિદાન અને તેમના વિચારો તથા પંડિત દિનદયાળના માનવવાદ એટલે કે છેવાડાના માનવીનું કલ્યાણ આ બંને બાબતો ભાજપની કેન્દ્ર સરકાર મક્કમપણે કાર્યવાહી કરીને આગળ વધારી રહી છે. ભાજપના ચુંટણી પ્રતિક કમળમાં પાંચ પાંખડીઓ છે તે ભાજપની પંચનિષ્ઠા સાથે જોડાયેલી છે. આ પંચનિષ્ઠામાં રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રીય એકાત્મકતા, વાસ્તવિક પંથ નિર્પેક્ષકતા, લોકશાહી અને લોકશાહીના મૂલ્યોનું જતન ગાંધાવાદી સમાજવાદ મૂલ્યઆધારિત રાજનીતિ રહેલી છે. પહેલા ભાજપ ઉત્તરના રાજ્યોનો પક્ષ કહેવાતો હતો પરંતુ કર્ણાટકમાં સત્તા મેળવી લીધા બાદ દક્ષિણ રાજ્યોમાં જનાધાર મજબૂત બનાવવામાં પણ ભાજપને સફળતા મળી છે. આંધ્રપ્રદેશ, તેલંગાણામાં પણ પક્ષે સારો દેખાવ કર્યો છે. હાલમાં ભાજપ હિમાચલ, હરિયાણા, ગુજરાત, ગોવા, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, બિહાર, આસામ, અરુણાચલ વગેરે ૧૬ રાજ્યોમાં સત્તા ધરાવે છે. રામજન્મભૂમિ આંદોલન, અડવાણીએ યોજાયેલી સોમનાથ અયોધ્યા યાત્રા, સુવર્ણ યાત્રા, મુરલી મનોહર જોશીએ યોજેલી એકતાયાત્રા ભાજપનો જનાધાર વધારવામાં ઉપયોગી રહી હતી. ભાજપે છેલ્લી ચુંટણીમાં મોદી લહેર હેઠળ પ્રચંડ દેખાવ કર્યો હતો. એનડીએને ૩૩૪ બેઠકો મળી હતી. એકલા ભાજપને ૨૮૨ બેઠક મળી હતી. છેલ્લા ૩૦ વર્ષમાં કોઈપણ રાજકીય પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હતી છતાં ભાજપે એનડીએના સહયોગથી સત્તા ચલાવી હતી. સૌનો સાથ સૌનો વિકાસ પાર્ટનો મંત્ર રહેલો છે. એક પછી એક પગલા ભાજપ સરકારે લીધા છે.

## આજે નિર્મલા સીતારામન ગુજરાતમાં

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, આવતીકાલે તારીખ ૬ એપ્રિલ, ૨૦૧૯ શનિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે ગાંધીનગર લોકસભામાં આરકે રોયલ હોલ, સાયન્સ સીટી રોડ, અમદાવાદ ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં સંબોધન કરશે. ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ, ગાંધીનગર લોકસભાના ભાજપાના ઉમેદવાર અમિત શાહના પ્રચાર અર્થે રક્ષામંત્રી નિર્મલા સીતારામન પ્રબુદ્ધ નાગરિકો સાથે સીધો સંવાદ કરશે. જેમાં ભાજપના સુશાસનના ૫ વર્ષની સિધ્ધિઓ તેમજ ભવિષ્યની યોજનાઓ અંગે વિચાર વિમર્શ કરશે. વાઘાણીએ જણાવ્યુ હતું કે, રક્ષામંત્રી નિર્મલા સીતારામનજી આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે વડોદરા ખાતે જ્યુબેલી બાગ ખાતે પ્રબુધ્ધ સંમેલનમાં સંબોધન કરશે. ત્યારબાદ બપોરે ૩.૦૦ કલાકે ટાઉન હોલ આણંદ ખાતે મહિલા સંમેલનમાં સંબોધન કરશે.

# ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં હવે KHAM નહીં OPA નિર્ણાયક

ગાંધીનગર- ગુજરાતમાં જ્ઞાતિવાદનું રાજકારણ બદલાયું છે. કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ ખામ થિયરી અપનાવી હતી પરંતુ હવે ભાજપે ઓપા થિયરી અપનાવી છે. ખામ માં ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમ સમાજનો સમાવેશ હતો, જ્યારે ઓપા માં ઓબીસી, પાટીદાર અને આદિવાસીનો સમાવેશ થાય છે.

રાજ્યમાં ચૂંટણી જીતવા માટે માધવસિંહ સોલંકીએ ખામ નું શસ્ત્ર ઉઠાવતાં કોંગ્રેસથી પાટીદારો વિમુખ બન્યા હતા. પાટીદારો એક નવા વિકલ્પની તલાશ કરતા હતા ત્યારે ભાજપનો ઉદય થયો હતો તેથી કોંગ્રેસથી વિમુખ થયેલા પાટીદારો ભાજપને સમર્થન આપતા રહ્યાં હતા.

ગુજરાતમાં આજે ઓબીસીની વસતીની સંખ્યા ૪૩ ટકા થવા જાય છે જે સૌથી વધારે છે. તેના પછી ૧૬ ટકા આદિવાસી વસતી છે અને ૧૨.૬ ટકા પાટીદારો છે. રાજ્યમાં મુસ્લિમ વસતીની સંખ્યા ૧૦ ટકા છે. એસસીની વસતી આઠ ટકા તેમજ ક્ષત્રિયોની સંખ્યા છ ટકા છે. એ ઉપરાંત બે ટકા બ્રાહ્મિન, બે ટકા વાણિયા, એક ટકો જૈન, ૦.૫૨ ટકા ક્રિશ્ચિયન, ૦.૦૫ ટકા બૌદ્ધ અને અન્ય સમાજની ૧.૮૩ ટકા વસતી છે.

બદલાતા સમયમાં આજે ઓબીસી વસતી અને મતદારો કોઈપણ ચૂંટણીમાં પ્રભાવી બન્યા છે. લોકસભાની ૨૬ બેઠકોમાં તમામ જગ્યાએ ઓબીસી અને પાટીદારોની વસતી જોવા મળે છે. ગુજરાતમાં જ્યારે મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી હતા ત્યારે તેમણે ભાજપની પાટીદારોની પાર્ટીની વ્યાખ્યા બદલી નાંખી હતી, કેમ કે માત્ર પાટીદારોથી સત્તા હાંસલ થઈ શકે તેમ ન હતી. ગુજરાતમાં ઓબીસીની સંખ્યા વધતી જતી હતી. મોદીએ ભાજપમાં પરિવર્તન કરાવીને અન્ય સમાજના આગેવાનોને પાર્ટીમાં સામેલ કરી કોંગ્રેસની વોટબેન્ક તોડી હતી.




ભાજપે ઓબીસી, પાટીદાર અને આદિવાસીના જોરે રાજ્ય વિધાનસભાની ત્રણ અને લોકસભાની એક ચૂંટણીમાં સફળતા મેળવી છે. હવે ૨૦૧૯માં ભાજપનું કાર્ડ ઓબીસી, પાટીદાર અને આદિવાસી છે. આ કોમ્બિનેશન ભાજપે જાહેર કરેલા ઉમેદવારોમાં જોવા મળી રહ્યું છે. કોંગ્રેસના સિનિયર નેતા માધવસિંહની ખામ થિયરીનો અસ્ત થયો છે અને ભાજપની નવી ઓપા થિયરીની શરૂઆત થઈ ચૂકી છે.

ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપની સરકાર છે. કોંગ્રેસ પ્રત્યેક ચૂંટણી હારે છે તેનું મુખ્ય કારણ ઓબીસી, પાટીદાર અને આદિવાસી સમાજ છે. આ સમાજ પહેલાં કોંગ્રેસ પાસે હતો પરંતુ મોદીના આવ્યા પછી તે ભાજપમાં ભળતો ગયો છે. જો કે રાજ્યમાં છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં જોવામાં આવ્યું છે કે આદિવાસી સમાજ કોંગ્રેસ તરફ પાછો ફરી રહ્યો છે. ભાજપને તેની ચિંતા હોવાથી લોકસભામાં આદિવાસી ઉમેદવારને વધારે મહત્વ આપ્યું છે.

## ગુજરાતમાં ભાજપના સ્ટાર કેમ્પેનરમાં વિવેક ઓબેરોય યાદીમાં પણ સામેલ

ગુજરાતની ૨૬ લોકસભા બેઠક માટે ભાજપે જાહેર કરેલી સ્ટાર કેમ્પેનરની યાદીમાં ફિલ્મ સ્ટાર વિવેક ઓબેરોયનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિવેક ઓબેરોય નરેન્દ્ર મોદી અંગે ફિલ્મ બનાવી રહ્યા છે અને તેમનો મુખ્ય રોલ નરેદ્ર મોદીનો છે.

ગુજરાત માટે ભાજપના સ્ટાર કેમ્પેનરની યાદીમાં ટોચક્રમે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. બીજાક્રમે અમિત શાહ અને ત્રીજાક્રમે રાજનાથસિંહ આવે છે. એ ઉપરાંત નિતીન ગડકરી, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, રામલાલ, વી સતીષ, શિવરાજસિંહ ચૌહાણ, દેવેન્દ્ર ફડનવિસ, નિર્મલા સિતારામન, ઉમા ભારતી અને સ્મૃતિ ઈરાનીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભાજપના ૪૦ સ્ટાર કેમ્પેનરોની યાદીમાં મુખ્તાર નકવી, આદિત્યનાથ, વસુંધરા રાજે, ભૂપેન્દ્ર યાદવ, ઓમ માથુર, વિજય રૂપાણી, જીતુ વાઘાણી, પુરૂષોત્તમ રૂપાલા, નિતીન પટેલ, ભીખુ દલસાણિયા, મનસુખ માંડવિયા, આરસી ફળદુ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, ગણપત વસાવા, કુંવરજી બાવળિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

એ ઉપરાંત વાસણ આહિર, શંભુ તુંડિયા, રમણ વોરા, હિતુ કનોડિયા, મનોજ જોષી, આઈકે જાડેજા, આત્મારામ પરમાર, હીરા સોલંકી અને રણછોડ રબારીને પણ સમાવવામાં આવ્યા છે. ભાજપે ગુજરાત માટે ફિલ્મ સ્ટારોનો પણ સમાવેશ કર્યો છે જેમાં હેમા માલિની, વિવેક ઓબેરોય, હિતુ કનોડિયા અને પરેશ રાવલનો સમાવેશ કર્યો છે.

# જો કોંગીની સરકાર આવશે તો ગરીબને વર્ષે ૭૨ હજાર મળશે

### ધોરણ-૧થી ૧૨ સુધીમાં મફત-ફરજિયાત શિક્ષણ અપાશે શિક્ષણની જેમ આરોગ્ય અંગે પણ અલગ કાયદો બનાવાશે

લોકસભાની ચૂંટણીના ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ આજે પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ ૧૦ દિવસ સુધી ગુજરાતના પ્રવાસે છે. હવે તેઓ દરેક બેઠક દીઠ નિરીક્ષણ કરશે. આજે પ્રદેશ પ્રભારી રાજીવ સાતવે લોકસભા ચૂંટણીને લઈ ગુજરાતમાં કોંગ્રેસનો મેનિફેસ્ટો (ચૂંટણી ઢંઢેરો) જાહેર કર્યો હતો. ગુજરાતમાં કોંગ્રેસના મેનિફેસ્ટો જાહેર કરવા માટે રાજીવ સાતવે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ પ્રસંગે અમિત ચાવડા સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસની સરકાર આવી તો, ગરીબોને વર્ષે રૂ.૭૨ હજાર આપવાની, ધો-૧થી ૧૨ સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની, શિક્ષણની જેમ આરોગ્ય માટે પણ અલગ કાયદો લાવવાની અને એક વર્ષમાં ૨૪ લાખ યુવાનોને સરકારી નોકરી આપવા સહિતની મોટી જાહેરાતો કરવામાં આવી હતી. સાતવે જણાવ્યું હતું કે, કોંગ્રેસના મેનિફેસ્ટોમાં હકીકતલક્ષી વાત કરવામાં આવી છે. ગુજરાતમાં કોંગ્રેસના મેનિફેસ્ટોને અમે નિભાવીશુંના નામથી જાહેર કરવામાં આવ્યો છે. સાતવે મેનિફેસ્ટોની વાત કરતા જણાવ્યું હતું કે, જો અમારી સરકાર કેન્દ્રમાં બની તો અમે ગરીબોને વર્ષે રૂપિયા ૭૨ હજાર આપીશું. ગુજરાતના ૪૦ લાખ બીપીએલ પરિવારોને પણ સહાય આપવામાં આવશે. યુવાનોને રોજગારી આપવાનો અમે સંકલ્પ કરીએ છીએ. રાજ્યમાં બેરોજગારીનો ગ્રાફ નીચે ઉતારવા બનતા તમામ પ્રયત્નો કરવામાં આવશે. સાતવે કહ્યું કે, મેનિફેસ્ટોમાં કોંગ્રેસ સરકાર ખેડૂતો માટે અલગ બજેટ લાવશે. જો અમારી સરકાર બની તો ખેડૂતોના દેવા માફ કરી દેવામાં આવશે. શિક્ષણને લઈને વાત કરતા રાજીવ સાતવે જણાવ્યું હતું કે, ધો.૧થી ૧૨ સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવશે. શિક્ષણની જેમ આરોગ્ય અંગે પણ અલગ કાયદો બનાવીશું. દેશના તમામ લોકોને મફત આરોગ્ય સેવા મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે. ગુજરાતમાં મેનિફેસ્ટો જાહેર કર્યા બાદ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાનું નિવેદન સામે આવ્યું હતું.

## ૬ઠ્ઠીએ અમિત શાહ અને ૧૦મીએ મોદીની ગુજરાતમાં જાહેર સભાઓ થશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મી એપ્રિલે ગુજરાત આવી રહ્યાં છે. તેઓ રાજ્યના જૂનાગઢ અને સોનગઢમાં જાહેર સભાઓ કરશે. એ પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ૬ઠ્ઠી એપ્રિલે ગુજરાત આવી રહ્યાં છે. તેઓ અમદાવાદમાં બે તબક્કામાં રોડ શો કરવાના છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ જણાવ્યું હતુ કે, ૧૦મી એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે તેઓ જુનાગઢ અને સોનગઢમાં જાહેર સભા કરશે.

તેઓ સવારે ૯ કલાકે જૂનાગઢ અને પોરબંદર લોકસભા વિસ્તારની જનતાને સંબોધન કરશે તેમજ બપોરે ૧૨ કલાકે સોનગઢમાં બારડોલી અને નવસારી લોકસભા વિસ્તારની જનતાને સંબોધન કરશે. બીજી તરફ અમિત શાહ ૬ઠ્ઠી એપ્રિલે ગુજરાત આવી રહ્યાં છે. તેઓ ભાજપના સ્થાપના દિન નિમિત્તે વેજલપુર અને સાબરમતી વિસ્તારમાં લોકસંપર્ક અને રોડ શો કરશે.

અમિત શાહ ૬ઠ્ઠીએ રાત્રીના સમયે ઘાટલોડિયા વિધાનસભાના બોપલમાં વિવિધ સોસાયટીના રહીશો સાથે બેઠક કરી સીધો સંવાદ કરશે. નરેન્દ્ર મોદી અને અમિત શાહનો એક-એક દિવસનો કાર્યક્રમ છે. પાર્ટીના સૂત્રોએ કહ્યું હતું કે ગુજરાતમાં ભાજપ માટે નબળી બેઠકો પર આ બન્ને નેતાઓની સૌથી વધુ જાહેર સભાઓ રાખવામાં આવી છે.